

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*બનાવટી વિકાસનો હવે ઉડે છે રંગ!*
*અચ્છે-દિનનાં સ્વપ્નાંનો હવે ઉડે છે રંગ!*
*મૂર્ખ બનાવી મેરેથોને દોડતી રાખે પ્રજાને -*
*કાગડાના મોરપીંછનો હવે ઉડે છે રંગ!*

હાઈકુ

*ચ્હેરા પરથી*
*ચૂંટણી પરિણામે -*
*ઉડે છે રંગ!*

*લાગી કાલીમાં*
*ખાયકી કૌભાંડોથી -*
*ઉડે છે રંગ!*

### ચિંતન

*કાશી કાંઠે ઘર કરે, ન્હાવે નિર્મળ નીર,*
*મુક્તિ નહીં હરિનામ બિન, યો કહે દાસ કબીર*

**ઉપરોક્ત સાખી કબીર બીજકગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**કેટલાંક લોકો કાશી જેવા તીર્થમાં નદી કાંઠે જઈ વસવાટ કરે છે. એવા લોકો હંમેશા ગંગાના સ્વચ્છ અને પવિત્ર જળમાં સ્નાન કરે છે. આવા અનેક લોકો અને પોતાના નામની આગળ પાછળ જ્ઞાની અને પંડિતના ખિતાબ પોતાની જાતે જ લગાડીને બેઠા હોય એવા સાતુ-સંતોને કબીર કહે છે કે હરિનામમાં ડૂબકી મારી સ્નાન કર્યા વગર તીર્થસ્થાનમાં વસવાથી કે પવિત્ર ગંગાના નીરમાં સ્નાન કરવાથી મુક્તિ ક્યારેય મળવાની નથી.**

**મુક્તિ માટે માત્ર 'સ્નાન'નું મહત્ત્વ નથી - સત્સંગ અને ભક્તિની પણ જરૂર છે.**

### સુવિચાર

- કુદરતનો વાંક કાઢવો ઘણો સહેલો છે. કેમ કે કુદરત સામો જવાબ કયાંથી આપી શકવાની છે - **ટાગોર**
- વિધાતા આપણા જીવનની છબી ઝાંખી રેખાઓ વડે ચીતરે છે, તેમનો હેતુ એવો હોય છે કે આપણે પોતાને હાથે તેમાં જરા જરા ફેરફાર કરી મનપસંદ બનાવી લઈ
  તેને સ્પષ્ટ આકાર આપી લઈએ - **અમૃતબિંદુ**
- ઈશ્વરને મેળવવાનો અધિકાર ફક્ત જ્ઞાનીઓને જ નથી, એ તો માત્ર સરળ ભક્તિથી ચંડાળ પણ ઈશ્વરને મેળવી શકે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- હરેક પ્રસંગ અંગે તૈયાર રહેવું એ સંસ્કાર માનવીની નિશાની છે,
  એ અંગે તૈયારી ન દાખવવી એ જંગલી મનોવૃત્તિનું દર્શન કરાવે છે - **જીવનસૂત્ર**
- જો ખરેખરી શ્રધ્ધા હશે તો કપરી સાધનામાં પણ સુખ જડશે - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : સરસવના નવશેકા તૌલનું પૂમડું બંને નસકોરામાં મુકી ઊંડા શ્વાસ નાકથી લેવાથી હઠીલી જૂની શરદી મટે છે

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

એક બહુ બુદ્ધિશાળી માણસ એક સંતના પ્રવચનમાં ગયો. આખું પ્રવચન સાંભળી ને તે ઘેર પહોંચ્યો. તેણે સંતને એક કાગળ લખ્યો. જેમાં કાગળ સાથે એક પુસ્તક પણ મોકલ્યું અને લખ્યું કે આપનું દોઢ કલાકનું પ્રવચન મેં સાંભળ્યું પણ આપે જે કંઈ લખ્યું તેના એક એક અક્ષરની મારી પાસે એક ચોપડી છે. તે તેમાં છે આથી એ પુસ્તક પણ હું આપને ભેટ મોકલાવું છું. પત્ર અને પુસ્તક મળતા જ સંતને આઘાત લાગ્યો. કે આ માણસ તો એમ કહેવા માંગે છે કે હું જે સ્વઅનુભૂતિથી બોલ્યો તે પુસ્તકમાં અક્ષરે અક્ષર મૌજુક પહેલેથી છે.

સંતે પુસ્તકમાં હાથ લીધું તો તે પુસ્તક હતું. 'શબ્દકોશ' શબ્દકોશમાં તો બધા જ શબ્દો હોય છે. અનુભૂતિ વગર જો બોલવામાં આવે તો તે શબ્દકોષથી વધારે કશું જ નથી હોતું.

ખૂબ જ ઓછું બોલાય પણ અનુભવની ગાઢ ખાઈમાંથી શબ્દ તો પ્રસવ થાય તે જ્ઞાન સ્વરુપે લેખાય.

# ઢાંક પિછોડાની રીતરસમો સામે કાગારોળ શાની

**તંત્રીસ્થાનેથી...**

કાર્તિ ચિદંબરમની સીબીઆઈ દ્વારા થયેલ ધરપકડથી આશ્ચર્ય ન જ થવું જોઈએ. પીટર મુખર્જી અને ઈન્દ્રાણી મુખર્જીની કંપની આઈએનએક્સના આર્થિક ગોટાળા પાર ઉતારવામાં એમણે મદદ નહોતી જ કરી એવું તો કોણ કહેશે ? ઈન્દ્રાણીએ કેમ બીજા કોઈ મંત્રીપુત્રનું નામ ન આપ્યું ? સીબીઆઈ કેન્દ્ર સરકાર અને એમાં પણ સીધી જ વડાપ્રધાનની દેખરેખ નીચે કામ કરે છે તે સર્વવિદિત છે. એટલે જેમ કાર્તિ સામેના ઈન્દ્રાણીના આક્ષેપોમાં સીબીઆઈનું દબાણ હોવાની સંભાવના છતાં કંઈક તો તથ્ય છે જ એ પ્રમાણે ચિદંબરમ સામે આર્થિક ગુનાઓમાં પરિવાર મારફત સંડોવણી સાબિત કરી યુપીએ સરકારમાં મનમોહનસિંહ જેવા પવિત્ર કર્ણધારના નાક નીચે જ ભ્રષ્ટાચારના ખેલ ખેલાતા હોવાની શક્યતા પણ નકારી શકાશે નહીં, એવો ગર્ભિત સંદેશ ખુદ વર્તમાન પ્રધાનમંત્રી અને નાણામંત્રી સીબીઆઈનો 'સદુપયોગ' કરીને દેશની પ્રજાને પહોંચાડવા માગે છે તે દીવા જેટલું ચોખ્ખું છે. વળી આ પ્રકારની તપાસ બરાબર નીરવ મોદીકાંડના દિવસોમાં જ થઈ રહી છે તે પણ સૂચક છે. એથી દેખીતી રીતે જ નીરવ મોદી કે મેહુલ ચોકસીને બેન્કોનું વિક્રમજનક કૌભાંડ કરી માલ્યાની જેમ સહીસલામત વિદેશસ સરકી જવાની અનુકૂળતા કરી આપવાના પાપ સામે આવાં કે એને મળતાં આવતાં પાપકર્મો યુપીએ સરકાર પણ કરી ચૂકી છે, એવો મેસેજ આપવાનો કેન્દ્રનો ઈરાદો છે, તે નક્કી. કાગડા બધે જ કાળા હોય ત્યાં નાહકની કાગારોળ શાની ? વડાપ્રધાન અને એમના વફાદાર નાણાપ્રધાન દેશની પ્રજાને કૌંસમાં કહેવા માગે છે એ આવું તો ચાલ્યા જ કરવાનું. અગાઉ પણ આવું જ ચાલતું હતું અને આજે કોઈ નીરવ મોદી, મેહુલ ચોકસી કે બીજા બે-પાંચ મોટા ધનકુબેરો આપણી બેન્કતોના નાણાં લૂંટીને વિજય માલ્યાની જેમ ફરાર થઈ ગયા હોય તો એથી કંઈ 'સોને કી ચીડિયા' ગણાતી આપણી માતૃભૂમિ ભિખારી થઈ જવાની નથી. એ બહું સહન કરવા માટે જરૂરી તિતિત્રા આપણે કેળવવી જ રહી. આખરે આપણે આધ્યાત્મિક રીતે ફિલોસોફિકલી બધું જ બરાબર છે, જે થયું તે બરાબર હતું, જે થઈ રહ્યું છે તે પણ બરાબર છે અને જે થવાનું છે તે પણ બરાબર જ હશે - એવો ગૂઢ પૉઝિટિવ અભિગમ અપનાવીશું તો જ આપણે દુનિયાની આર્થિક મહાસત્તા બની શકીશું ! વડાપ્રધાન કદાચ કહેતા નથી પણ આવુ'જ'કંઈક એમના મનમાં ઘોળાતું હશે - એમ નથી લાગતું ! ૨૦૧૯ની ચૂંટણી પૂર્વે પોતાના સમયગાળા દરમિયાન થયેલ અઢળક આર્થિક ગોટાળાઓ પ્રત્યે લોકોનું ધ્યાન આકર્ષવા મથતા મહત્ત્વાકાંક્ષી વિપક્ષી નેતા રાહુલ ગાંધીને હજી તો સગા બનેવી વાડરાની ધરપકડ પણ નરી નજરે નિહાળવી પડશે.

# એક અનોખો માણસ....



## રંગ-ઉમંગ

કાનન ઓઝા

તું જીંદા હૈ તો જિન્દગી
કી જીત પર યકીન કર,
અગર કહી હૈ સ્વર્ગ તો
ઉતાર લા જમીન પર...

ગુજરાતનું એક નાનું નગર કપડવંજ અહીં હકીમુદ્દીન અને નફીસા સપાટવાલા રહે. હકીમુદ્દીન જન્મજાત અંધ વ્યવસાયે તે નાનું મોટું છૂટક કામ કરી પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવે. આર્થિક રીતે ખૂબ જ તકલીફ ભોગવતો આ પરિવાર જરૂર પડે ત્યારે હકીમુદ્દીનના ભાઈ તેમને આર્થિક મદદ કરે. હકીમુદ્દીન અને નફીસા સપાટવાલાના ઘરે એક પુત્રનો જન્મ થયો. ઘરમાં ખુશી સાથે દુઃખનું વાતાવરણ બન્યું. આનંદ એ વાતનો કે હકીમુદ્દીનના ઘરે પુત્રનો જન્મ થયો. દુઃખની વાત કે પુત્ર જન્મજાત અંધ હતો. એક ઘરમાં ત્રણ વ્યક્તિ તેમાંથી બે અંધ વાચકોને પણ દુઃખ થાય તેવી કુદરતની આ કરામત. અરે ! કહો કે કુદરતનીપરીક્ષા. દુઃખનું ઓસડ દાદા. જેમ તેમ સમય પસાર થતો હતો. પરિવારે કુદરતે આપેલી આ સમસ્યા ને સ્વીકારી. તેની સામે જીવન જીવવાની જાણે ફરીથી શરુઆત કરી. આમ કરતા કરતાં સમય પસાર થયો. એક સમયની વાત છે. ૬ ફેબ્રુઆરી ૧૯૭૦ હકીમુદ્દીન અને નફીસાબાનના ઘરમાં બીજા પુત્રનો જન્મ થયો. આખા પરિવારમાં ફરી ખુશી એન દુઃખનો માહોલ આવી ગયો. આ બીજો પુત્ર પણ જન્મથી જ અંધ. કહેવાય છે કે કુદરત કઈ બધાને બધું જ આપે તેવું નથી. સાથે એ પણ ખરું કે કુદરત કશું લઈ લે તો બીજું આપે પણ છે.

આ બીજો દીકરો તેનું નામ યાહયા રાખવામાં આવ્યું, નાનપણથી પોતાની ચપળતા અને ઝડપી સમજવાની શક્તિને લીધે યાહયા ને અમદાવાદ ભણવા માટે મોકલવામાં આવ્યો. અહીંથી તેમણે શીખવાનું અને સમજવાનું શરુ કર્યું. અહીં એ પણ વિચારવું રહ્યું કે એક જ ઘરમાં ત્રણ પુરુષો અને ત્રણેય અંધ, વિચાર કરવામાં પણ કંપારી છૂટે પણ કહેવાય છે કે જે અડગ મનથી આગળ ધપવાનું વિચારે તેને કોઈ રોકી શકતું નથી. અમદાવાદ ખાતે અભ્યાસ પૂર્ણ કર્યો નોકરીની શોધ કરી. નોકરી મળી કાયમી નોકરી તો કોણ આપે ? અમદાવાદ ખાતે સેન્ટ જેવિયર્સ કૉલેજમાં પાર્ટ ટાઈમ લેકચર તરીકે જોડાયા. એક તરફ સ્થિર થવા માટે જીવનસાથીની જરૂર પણ પડે જ. આ માટેની શોધ શરુ કરી. ઘરમાં ત્રણ પુરુષો અંધ હોય તો ઘરમાં કોણ દીકરી પરણાવે? નોકરી પણ પાર્ટ ટાઈમ હતી. પણ કુદરતના ઘરે દેર છે અંધેર નથી. આજથી લગભગ બાર વર્ષ પહેલા યાહયાના લગ્ન થયા. તેમના ધર્મ પત્નીનું નામ અર્વા. અહીં અર્વાબહેનને પણ અભિનંદન આપવા જરૂરી છે. તેઓ દેખાવડા દેખાવમાં હતા. આવુ જાણતા હોવા છતાં જીવનસાથીના ઘરમાં બધા જ પુરુષો અંધ છે. ઘરમાં ત્રણ વ્યક્તિ અંધ છે. આજે એક દીકરી અને દીકરો એમ બે બાળકો સાથે યાહયાનો ચાર વ્યક્તિનો આ પરિવાર વડોદરામાં રહે છે.

ફરી ભૂતકાળ યાદ કરીને જયારે એક ઘરમાં ચાર વ્યક્તિ પૈત્રી ત્રણ વ્યક્તિ અંધ હતી. જયારે આજે કહેવાય છે કે કુદરત ને ત્યાં દેર છે અંધેર નથી. ચાલુ નોકરી દરમિયાન યાહયાએ એમ.એડ. સુધીની ઉચ્ચ લાયકાત પણ પ્રાપ્ત કરી. આટલે સુધીનું લખાણ માત્ર તેમના પરિચય માટે છે. હવે વાત સૌને એક પ્રેરણા આપી જાય તેવી છે. કેટલાય માણસો પોતાની મુશ્કેલી લઈને ફરતા હોય છે. કાયમ રડતા કે તકલીફનું વર્ણન કરતાં ફરે છે. પણ આ તો યાહયા કે જેનો અર્થ જ થાય છે અમર, એક ચિંતકે લખ્યું છે કે જો આપે અમર થવું હોય તો ત્રણ રીતે થઈ શકાય. વૃક્ષો ઉછેરો, સંતતિ પેદા કરો, પુસ્તકો લખો. યાહયા એ આ ત્રણેય કામ કર્યા છે. અરે ખૂબ જ સફળતાપૂર્વક કર્યા છે. પર્યાવરણ પ્રેમ માટે તે અનેક કામ કરે છે. કાગળનો નાનો ટુકડો પણ તે બગાડતા નથી. તે કહે છે કે વૃક્ષોને કાપીને જ કાગળ તૈયાર થાય છે. આપણે વૃક્ષ ઉછેરી ન શકીએ તો કાઈ નહિં પણ તેનું નિકંદન થતું બચાવવું જરૂરી છે. હા, યાહયા વૃક્ષોના સંરક્ષણ અને સંવર્ધન માટે પણ સક્રિય છે. તેમણે દીકરો અને એક દીકરી છે. આ બીજો મુદ્દો એટલે પુસ્તક લેખનનો. નાનાધોરણના બાળકો માટે કામ કરનાર અને પોતાની કુદરતે આપેલી નબળાઈને હંફાવી જીવનારા યાહયા અનેક લેખો દ્વારા પોતાના વિચારો રજૂ કરી ચૂક્યા છે. યાહયા જાતે કોમ્પ્યુટર ચલાવી શકે છે. તથા આજે ગુજરાત રાજય અંધ શિક્ષક સંઘના વર્તમાન પ્રમુખ છે. તો પોતાનો જન્મ આદિવાસી વિસ્તારમાં ઉજવે છે. બાળકની જરૂરિયાત મુજબ સહાય પણ કરે છે. તથા વસુદૈવ કુટુંબકમ્‌ની અને સર્વધર્મ સમભાવમાં જ માનતા યાહયા દર વર્ષ પોતાના ઘરે ગણેશ ચતુર્થીનો ઉત્સવ પરિવાર સાથે ઉજવે છે.

# 'બ્રહ્મ સત્ય જગત મિથ્યા' આ સૂત્ર કોણે આપ્યું?

### ભારતનો સાંસ્કૃતિક વારસો

૧ 'જયા સ્ત્રીઓ પૂજાય છે, ત્યાં દેવતાઓનો વાસ છે' આ કથન કોનું છે?
(અ) મનુનું (બ) શ્રીકૃષ્ણનું
(ક) સૂરદાસનું (ડ) વિશ્વામિત્રનું

૨ નીચેનામાંથી કોણ ગંગાપુત્ર નામથી ઓળખાય છે?
(અ) અર્જુન (બ) કર્ણ
(ક) ભિષ્મ (ડ) યુધિષ્ઠિર

૩ 'બ્રહ્મ સત્ય જગત મિથ્યા' આ સૂત્ર કોણે આપ્યું?
(અ) વેદવ્યાસે (બ) શંકરાચાર્યે
(ક) તુલસીદાસે (ડ) સૂરદાસે

૪ 'અહિંસા અને જીવદયા' કયા ધર્મના વિશિષ્ટ નૈતિક સિદ્ધાંતો છે ?
(અ) મુસ્લિમ (બ) બૌદ્ધ
(ક) હિંદુ (ડ) જૈન

૫ 'ન્યાય દર્શન'ના સંસ્થાપક કોણ હતા ?
(અ) ગૌતમ મુનિ (બ) દધિચી ઋષિ
(ક) ભરત મુનિ (ડ) વેદવ્યાસ

૬ હિન્દુઓનું પવિત્ર યાત્રાધામ કેદારનાથ કયા રાજયમાં આવેલું છે ?
(અ) હિમાચલ પ્રદેશ (બ) જમ્મુ કાશ્મીર
(ક) ઉત્તરાંચલ (ડ) ઉત્તરપ્રદેશ

૭ ખાલસા જયંતિ કયારે ઉજવાય છે ?
(અ) ચૈત્ર સુદ પાંચમ (બ) ચૈત્ર વદ પાંચમ
(ક) ફાગણ સુદ પાંચમ (ડ) ફાગણ વદ પાંચમ

૮ 'ડિસ્કવરી ઑફ ઈન્ડિયા'ના લેખક કોણ છે ?
(અ) અટલ બિહારી વાજપેયી (બ) ઈન્દિરા ગાંધી
(ક) લાલબહાદુર શાસ્ત્રી (ડ) જવાહરલાલ નહેરુ

૯ સીદી લોકોનું કયું નૃત્ય ખૂબ જાણીતું છે?
(અ) ભાંગડા (બ) લાવણી
(ક) ધમાલ (ડ) કથ્થક

૧૦ ચૈતન્ય મહાપ્રભુનો જન્મ કયા રાજયમાં થયો હતો?
(અ) બંગાળ (બ) આસામ
(ક) બિહાર (ડ) અરુણાચલ પ્રદેશ

૧૧ પોંગલનો તહેવાર કયા રાજયમાં ઉજવાય છે ?
(અ) કેરળ (બ) આંધ્રપ્રદેશ
(ક) તમિલનાડુ (ડ) કર્ણાટક

૧૨ ગંગા નદી ત્રણેય લોકમાં વહે છે માટે તેને શું કહે છે ?
(અ) ત્રિલોકી (બ) ત્રિપગથા
(ક) ત્રિવેણી (ડ) ત્રિવાસી

૧૩ સમુદ્રમંથન વખતે નીકળેલ અશ્વનું નામ શું હતું ?
(અ) ઉચ્ચૈશ્રવા (બ) મેઘાશ્વ
(ક) માણકી (ડ) ચેતક

૧૪ સંસ્કૃત વ્યાકરણના પિતા તરીકે કોણ ઓળખાય છે ?
(અ) વ્યાસ (બ) તુલસીદાસ
(ક) પાણિની (ડ) અશ્વઘોષ

૧૫ બહાઈ ધર્મનું 'કાન્સ મંદિર' કયાં આવેલું છે ?
(અ) મુંબઈ (બ) જયપુર
(ક) હરિદ્વાર (ડ) દિલ્હી

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૨જી માર્ચ ૧૯૧૯ : એસ.એન. તાવરીયાજી :** સરળ પ્રકૃતિના ગૃહસ્થ યોગી. એક સિદ્ધગુરુના સાનિધ્યમાં સાત વર્ષની વયે યોગાભ્યાસ શરુ કર્યો. અઠવાડિયામાં માત્ર બે ભોજન લેતા છતાં ૨૦ કલાક કામ કરતા. 'મનને કાબુમાં રાખવા શ્વાસ સિવાય આપણી પાસે કોઈ બીજું સરળ સાધન નથી. શ્વાસમાં ૨૪ કલાક રીધમ બેસાડી દો અને તમે મહાસાગર તરી જશે એવું દ્દઢ પણે કહેતા.' ૧૯૯૪માં અવસા થયું.
- **૩ માર્ચ ૧૮૩૯ : સર જમશેદજી તાતા :** ભારતના અર્વાચીન ઉદ્યોગના પિતા. નવસારીમાં જન્મ. સ્વતંત્ર મિજાજનો સ્વભાવ. ચીલાચાલુ ધંધા કરતાં કંઈક અલગ કરવાની ચાહનાથી ભારતમાં ટેકસટાઈલ ઉદ્યોગનું આધુનિકરણ કર્યું. અનેક ઉદ્યોગો સ્થાપ્યા. મુંબઈમાં તાજ હોટેલ અને બહુમાળી મકાનોનું સર્જન કર્યું. ભારતને ઔદ્યોગિક ક્રાન્તિનો માર્ગ બતાવી ૧૯૦૪માં અવસાન પામ્યા.
- **૪ માર્ચ : જયોર્જ ગેમોવ :** વિજ્ઞાનને લેખન દ્વારા પ્રસ્તુત કરનાર આ વૈજ્ઞાનિકનો જન્મ રશિયામાં થયો હતો. પી.એચ.ડી. સુધીનો અભ્યાસ કરી. 'બીટા કણનો' વિકિરણ દ્વારા ક્ષય થાય છે.' તે સિદ્ધાંત આપ્યો. જેના પગલે હાઈડ્રોજન બોમ્બનું નિર્માણ થયું. તેમના વૈજ્ઞાનિક લખાણોના કારણે 'કલીંગ' પુરસ્કારથી સન્માનિત કરાયા હતા. ૧૯૬૮માં અવસાન થયું.
- **૬ માર્ચ ૧૪૭૫ : માઈકલ એન્જેલો :** ઈટાલીના કેપ્રીઝમાં જન્મ. મહાન ચિત્રકાર, સ્થાપત્ય નિર્માણમાં અવ્વલ, લલિતકાઓમાં નિર્પુણ. યુરોપના અનેક સ્થાપત્યોમાં આજે પણ તેની બેનમૂન ચિત્રકલાનાં દર્શન થાય છે. સાત વર્ષના ભગીરથ પુરુષાર્થ પછી પણ 'લાસ્ટ જજમેન્ટ' નામનું જગ પ્રસિદ્ધ ચિત્ર પુરુષ કરી શક્યા નહી.. ૧૫૬૪માં અવસાન પામ્યા હતા.
- **૭ માર્ચ ૧૯૩૬ : બાલ મુકુન્દ દવે :** વડોદરા જિલ્લાના મસ્તુપુરા ગામમાં જન્મ. મેટ્રિક સુધીનું શિક્ષણ વડોદરામાં લીધું ત્યાર બાદ અમદાવાદમાં નોકરી સ્વીકારી. બારૈયા કોમના લોકગીતો એ કવિત્વની પ્રેરણા આપી. 'પરિક્રમા' અને 'કુંતલ' તેમના કાવ્ય સંગ્રહો છે. કુમારચંદ્રક અને મહારાષ્ટ્ર સરકારે તેમને સન્માનિત કરાયા હતા.
- **૮ માર્ચ ૧૬૦૮ : જહોન મિલ્ટન :** મહાન આંગ્લ કવિ જહોન મિલ્ટનનો જન્મ લંડનમાં થયો હતો. ૧૬ થી ૨૦ વર્ષની ઉંમરમાં અનેક લેટિન કાવ્યો લખ્યાં. ૧૬૬૫માં અંગ્રેજી ભાષાનું મહત્તમ કાવ્ય 'પેરેડાઈઝ લોસ્ટ' પુરું કર્યું. ઉત્તમ સોનેટ કાવ્યો આપ્યા. ૮ માર્ચ ૧૬૭૪માં અવસાન થયું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં કયા દેશના વડાપ્રધાન અક્ષરધામની મુલાકાતે આવ્યા હતા ? તેમનું નામ શું ?**

**જવાબ : જસ્ટિસ ટુડ્રો**



## ખજાનો

અનિલ પટેલ

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો


(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭
(૩) નટુભાઈ દરજી : પેથાપુર
(૪) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૫) શૈલેષ ઝેડ પટેલ : ધોળેશ્વર પાસે
(૬) જયેન્દ્રપ્રસાદ પાઠક - ઈન્ફો. જુ. સા. કૉલેજ
(૭) મહેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં સીબીઆઈ દ્વારા જેમની ધરપકડ થઈ તે પી. ચિદંબરમ્‌ના પુત્રનું નામ શું છે ?**

**'ગાંધીનગર સમાચાર'-**
**ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# ત્રણ જન્મોમાં વહેતું રાજર્ષિચરિત





## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

(૧) એક ઘનઘોર જંગલમાં નદી વહેતી હતી. એને કિનારે એક હરિણી પાણી પીવા આવી. ત્યાં ઓચિંતો કોઈ સિંહ ધસી આવ્યો. મૃગલીએ જીવ બચાવવા ઊંચાઈ પર છલાંગ લગાવી. એ ગર્ભવતી હતી. એનું ગર્ભસ્થ શિશુ છૂટું પડીને નદીના પાણીમાં પડ્યું. પરંતુ હરિણી મૃત્યુ પામી.

આ વિસ્તાર શાલિગ્રામનો હતો. આ પ્રદેશનો રાજર્ષિ ભરત અહીં ભગવાન વિષ્ણુની ઉપાસના માટે આવ્યો હતો. એ વખતે આ નદીમાં સ્નાનથી પરવાનીને સૂર્યને અર્ધ્ય આપતો હતો. એણે આ મૃગશિશુને ઉઠાવી લીધું. મૃગબાળની માસૂમિયત એના હૃદયને સ્પર્શી ગઈ. રાજા અને મૃગનો સ્નેહસંબંધ ઉત્કટ થતો ગયો. રાજા જાણે કે મૃગમય બની ગયો. પૂજા ઉપાસના ભૂલાઈ ગયા. રાજકાજ ભૂલાઈ ગયા. આમને આમ, મરણનો સમય આવ્યો. મૃત્યુ સમયે પણ હરિસ્મરણ ન થયું. થયું માત્ર મૃગસ્મરણ.

(૨) આને કારણે જ બૂદ્વીપના કાલાંજર પર્વતના જંગલમાં મૃગસ્વરુપે એનો જન્મ થયો, ક્રમશઃ આ મૃગને પોતાનો પરિવાર થયો. પરંતુ કોઈ સદ્‌ભાગી ક્ષણે, એને પોતાના પૂર્વજન્મનું સ્મરણ થયું. 'શાલિગ્રામ ક્ષેત્રની પોતાની વિષ્ણુ-ઉપાસના અધૂરી છે.' એ એને યાદ આવ્યું. પોતાના પરિવારને એમણે છોડી દીધો. આ મૃગ શાલિગ્રામ ક્ષેત્રમાં આવી ગયો. અહીં સ્થિર થયો. ભગવાન વિષ્ણુનું સાયુજ્ય અનુભવવા લાગ્યો. ત્યાં સુધી કે ઘાસ ખાય, તો પ્રસાદ માનીને ખાય. આમ ને આમ, એનું અવસાન થયું.

(૩) હવે કોઈ સંસ્કારી બ્રાહ્મણ પરિવારમાં એનો જન્મ થયો. પરંતુ બે બે જન્મોનાં જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિ એનામાં સંચિત થયા હતા. જ્ઞાન અને વૈરાગ્યની પ્રબળતા હતી. યજ્ઞોવતીત તો લીધું, માતપિતાના સંતોષ ખાતર - માતાપિતાનું અવસાન થયું. ભાઈઓએ મિલકત ભાગ ન આપ્યો. એ પોતાની મેળે વનમાં જતો રહ્યો. શરીરે હૃષ્ટપુષ્ટ હતો. વનફળો ખાઈને રહેતો. સ્થિતપ્રજ્ઞ હતો, અનાસક્ત હતો, ઉદાસીન હતો. પોતાના દેહનું અભિમાન બિલકુલ ન હતું. એની જડતાને કોઈ સમજી ન શકે. લોકો એને 'જડભરત' કહેતા. એની એને પરવા ન હતી.

આ પ્રદેશ સૌવીરનો રાજા રહુગણ હતો. એ મહર્ષિ કપિલ મુનિના આશ્રમે ઉપદેશ ગ્રહણ કરવા જતો હતો. એની પાલખી ત્યાંથી પસાર થઈ. પરંતુ પાલખી બરોબર ચાલે નહિ. પાલખી વાહકો ચારને બદલે ત્રણ જ હતા. રાજાનું ધ્યાન આ તંદુરસ્ત માણસ તરફ ગયું. એને ચોથા પાલકીવાહક તરીકે લઈ લીધો.

પાલખીવાહક ચાર થયા, તો પણ પાલખી બરોબર ન ચાલે. આ હૃષ્ટપુષ્ટ માણસ નીચે જોઈને ચાલે. એની ચિંતા એ હતી. 'પોતાના પગ નીચે કોઈ જીવજંતુ કચડાઈ ન જાય.' એણે આ ચોથા માણસને કહ્યું - 'જલદી ચાલ, મારે મોડું થાય છે.' પરંતુ એ માણસે સાંભળ્યું નહિં. હવે રાજાએ હવામાં ચાબૂક વીંઝ્યો. ગુસ્સામાં કહ્યું, 'ચાલે છે કે નહિ ? ફટકારું?'

હવે ભરત હસી પડ્યો. હસવાનું રોકી ન શક્યો. રાજાએ પૂછ્યું, 'કેમ હવે છે ?' ભરતે કહ્યું, - 'કોણ કોને મારે છે ?' ચાબૂક તો મારા શરીર ઉપર પડશે, મારા ઉપર નહિ. તું મને મારીશ? તું તો તને જ મારે છે. તું અને હું, જુદા નથી. આપણે બે પાલખી, ચાબૂક, આ ત્રણ વાહકો - આ બધું આમ પણ પાંચ મહાભૂતોનાં બનેલા છે. આ રીતે પણ એક જ છે. તને મોડું થાય છે; પરંતુ સમય તો કયાં ચાલે છે જ? તારો આ ભ્રમ છે. પાલખી હું નથી ઉચકતો. જમીન ઉપર પગ, પગ ઉપર ઉદર, ઉપર ખભો. આમાં હું કયાં છું ?'

ત્રણ પાલખીવાહકો તો કશું સમજયા નહિ. પણ રાજાના આશ્ચર્યનો પાર નહિ. એ પાલખીમાંથી નીચે ઉતર્યો, સાષ્ટાંગ પ્રણામ કર્યા. અને કહ્યું, 'મહાત્મા ! આપ જે હો તે. મને એમાં રસ નથી પરંતુ હવે મારે કપિલમુનિ પાસે જવાની બિલકુલ જરૂર નથી. આપ જ મારા ઉપદેશક છો.'